# ‘જગરું’ : એક અનોખી અમરકથા | રમેશ બી. શાહ

[**જગરું** (સ્મરણકથા) : લે. નટવરસિંહ પરમાર, પ્ર.આ. ૨૦૦૮, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૪૬, કિં. રૂ. ૧૧૦/-]

‘જગરું’ નટવરસિંહ પરમારની સ્મરણકથા છે; એમના ‘વતનનું પ્રોફાઇલ છે.’ એમનું વતન ડાંગના અરણ્યના પશ્ચિમ સરહદી વિસ્તારમાં આવેલું છે. આઝાદી પૂર્વે અંગ્રેજ શાસનની છત્રછાયા નીચે એ વિસ્તારમાં અનેક ઠકરાતો હતી; એમાંની એક ઠકરાત લેખકના દાદાજીની, દા’ઉજીની હતી. લેખકનો વતનવિસ્તાર આદિવાસી વિસ્તાર સુધી પ્રસરેલો હતો. એ રીતે તેમનો એ વિસ્તાર વીસમી સદીના પૂર્વાર્ધના એક અંતરિયાળ ગ્રામીણ વિસ્તાર હતો.

એ વિસ્તાર તત્કાલીન રાષ્ટ્રીય પ્રવાહોથી સાવ અલિપ્ત રહ્યો હતો. લેખકે નોંધ્યું છે તેમ, ‘‘સામંતશાહી માહોલમાં સામાજિક વ્યવહારો, ખેતી, તહેવારો અને સામાજિક પ્રસંગોની ઠાઠભરી ઉજવણી, તીર્થયાત્રાઓ, રંગરાગવાળી જિયાફતો, રામજણીના નાચ, રામલીલાનાં નાટકો, રામાયણ, મહાભારત, ભાગવતનું શ્રવણ, રાજપૂતાઈ શાન, અને દબદબો એ તે સમયનું અમારું યથાર્થ. એ યથાર્થનાં ઘેન અને મદહોશીમાં આઝાદીનું પર્વ ક્યારે ઊગી ગયું તેનુંય અમને ભાન નહીં... મૂળ વાત એ કે રાષ્ટ્રમાં સંભવેલું એક પ્રચંડ આંદોલન, બીજા વિશ્વયુદ્ધ સુધીની માહિતી ધરાવતા બહુશ્રુત ગણાય એવા દા’ઉજીને ઝાઝું અડ્યા વિના જ પસાર થઈ ગયું ?’’

આ એક એવા સમાજનું ચિત્ર છે, જેને અંગ્રેજોના શાસન નીચે દેશમાં પ્રવેશેલી આધુનિકતાનો સ્પર્શ થયો નહોતો. આ સમાજ સદીઓ જૂની પરંપરાથી જિવાતું જીવન જીવી રહ્યો હતો, પરંતુ અપેક્ષા રાખી ન શકાય એ રીતે ગ્રામીણ માહોલમાં જીવેલાં પાત્રોમાં ભારે વૈવિધ્ય છે. આધુનિક પ્રવાહોથી સાવ વેગળું રહેલું આ જીવન શુષ્ક કે નીરસ નથી. સ્વ. જયંત કોઠારીએ લેખક પરના પત્રમાં નોંધ્યું હતું તેમ, ‘‘ ‘જગરું’ વાંચીને ખુશ થઈ ગયેલો, એક નવી જ દુનિયા ઊઘડતી લાગેલી.’’ સાચે જ, નગરવિસ્તારમાં જ ઊછરેલા કે વીસમી સદીના ઉત્તરાર્ધમાં જન્મેલા વાચકને ‘જગરું’ એક નવી દુનિયામાં લઈ જાય છે. ‘રેશનલ’ વાચકના ગળે ન ઊતરે એવી ભૂતપ્રેત, ડાકણ, ભૂવા ભગતની દુનિયા અહીં છે, પણ વીસમી સદીના પૂર્વાર્ધના ગુજરાતના ગ્રામીણ જીવનને તમે એના વિના કલ્પી ન શકો. આજના નાગરિકોને સાવ કપોળકલ્પિત લાગે એવી આ વાતો તત્કાલીન ગ્રામવાસીઓ માટે એક વાસ્તવિકતા હતી. અલબત્ત, એ વાતોને બાજુ પર રાખ્યા પછીયે ‘જગરું’માં જે માનવીય ચહેરો ઊપસે છે તે હૃદયસ્પર્શી છે. આમાં જે પાત્રોનાં જીવન વર્ણવાયાં છે તે પૈકી કેટલાંકના પ્રેમની વાતોમાં જગતની અને સાહિત્યકૃતિઓની કેટલીક અમર પ્રેમકહાનીઓ પડઘાય છે. કેટલાંક પાત્રોની ખાનદાની અને માનવતા ચિત્તાકર્ષક નીવડે છે. સાવ પછાત ગણાતા આ ગ્રામીણ જીવનમાં કેવા કેવા માનવીઓ અસામાન્ય જીવન જીવી ગયા હતા તે જાણવા-જોવા માટે ‘જગરું’ એક આસ્વાદ્ય સ્મરણકથા બની છે.

‘જગરું’માં લેખકે તેમનાં બાળપણનાં સ્મરણોનું પુનઃકથન (‘નૅરેશન’ – narration) કર્યું છે. આ પુનઃકથનમાં તેમણે રજવાડી – ગ્રામીણ માહોલને જાળવી રાખ્યો છે. શિયાળાની ઠંડી રાતોમાં દા’ઉજીના આંગણામાં તાપણું (જગરું) કરવામાં આવતું હતું. એ રાવણામાં આવીને બેસતા ગ્રામવાસીઓની વાતોમાંથી ઊપસતી ઘટનાઓ અને પ્રગટ થતાં પાત્રોને લેખકે સાંભળ્યાં તે પ્રમાણે આલેખવાનો અભિગમ અપનાવ્યો છે. વાતો વર્ષો પહેલાં થઈ ચૂકી છે, પાત્રોને લેખકે તેમના નાનપણમાં જ જોયાં છે, પણ એ બધું જ લેખકના ચિત્તમાં બરાબર જળવાઈ રહ્યું છે. ‘જગરું’માં આવી ચડેલી વ્યક્તિઓનાં સ્મરણો આલેખતી વખતે તે વ્યક્તિ તેમની નજર સમક્ષ હોય એ રીતે ની દેહાકૃતિ અને પોશાકની ઝીણી ઝીણી વિગતો તેમણે નોંધી છે. બે ટૂંકાં વર્ણનો જ ઉદાહરણ રૂપે નોંધીએ :

‘‘અમારા આગલા ઝાંપાના વળાંકમાંથી અંધકાર પ્રવેશું પ્રવેશું કરતો હતો. જાણે એની પૂંઠ પકડીને એક પુરુષ અને સ્ત્રી જગરું પાસે આવી ઊભાં... બંને તરુણ પતિ-પત્ની કાળા સીસમના સોરા જેવાં શરીરે કઠણ હતાં. મખોટીએ બંને રૂડાં અને આકર્ષક.... સ્ત્રીએ મરાઠી ઢબની સાડી પહેરી માથે ઓઢેલી. કાનમાં બુટ્ટી, નાકમાં જાડી જડ, પગમાં કલ્લાં, હાથે કાચની બંગડીઓ. કાળા દેહમાં ઓગળેલું પહેલા પરોઢનું લાવણ્ય.’’ (પ્રકરણ ૬)

‘‘.... ઇબ્રાહીમકાકા દા’ઉજીની વયના. ઊંચું ટટાર અને ગોરું શરીર, બધાં બટન દીધેલું કિરમજી અચકન, સફેદ સુરવાલ, ચળકતા કાળા બૂટ અને માથે ફેઝ – કાળા ઝૂમખાવાળી લાલ તુર્કી ટોપી એ એમનો પહેરવેશ.’’ (પ્રકરણ ૭)

લેખક આવાં ઝીણવટભર્યાં વર્ણનો કરી શક્યા છે કેમ કે નાનપણનાં એ ચિત્રો અને ઘટનાઓ તેમના ચિત્તમાં જડાઈ ગયાં છે. એનાં બે ઉદાહરણો નોંધીએ :

‘‘....પણ મારા ચિત્તમાં હજી એ આખી ભૂતાવળ હયાત છે, મને ‘નડ્યા’ વિના હયાત છે. પેલી મે’સાણી (ભેંસ)ની વલોપાતી આંખો તગતગ્યા કરે છે. ભગતના હુસ હુસ સાથેના ‘ઊં હ્રીં ભૈરવનાથ’ પડઘાયા કરે છે. અજ્જુ બાપુના ‘ધા તિરકિટ ધા’ સંભળાયાં કરે છે. અને કોઠાની કુંવારકાનાં ઝાંઝર ‘છમ્મ, છમાછમ છમ્મ’ નર્તન કર્યાં કરે છે, કર્યાં કરે છે મારા ચિત્તના એકાંતમાં.’’ (પ્રકરણ ૫)

‘‘..... અને બીજા દિવસે સવારે ગિરધરલાલનો પડાવ અમારે ત્યાંથી ઊપડી ગયો. અમારાં આંગણાં સૂનાં મૂકીને, અમને નાટકના છંદે ચડાવીને, સૂનાં આંગણે સ્મરણોની ડમરી ઊડતી મૂકીને. હજીયે મારા ચિત્તમાં એ ડમરી ઊડતી રહે છે, હા, બિલકુલ શમી નથી.’’ (પ્રકરણ ૮)

જગરુંના માહોલને લેખકે પુનઃ કથનનો અભિગમ અપનાવીને બરાબર જાળવી રાખ્યો છે. આ સ્મરણકથાને સાહિત્યના પ્રચલિત સ્વરૂપમાં ઢાળવાને બદલે તેને આપણી મૌખિક કથા-પરંપરાના સ્વરૂપમાં ઢાળવાનો અભિગમ લેખકે અપનાવ્યો છે. લેખકનો એવો કોઈ સભાન પ્રયાસ હોય કે ન હોય, આ કૃતિને મેં એ સ્વરૂપે જોવાનું પસંદ કર્યું છે. અલબત્ત, મૌખિક અને લેખિત સ્વરૂપે થતી અભિવ્યક્તિમાં જે તફાવત રહેવો જોઈએ તે આમાં જળવાયો છે. તાપણાની આસપાસ નિરાંતની પળો ગાળી રહેલા ગ્રામવાસીઓ વચ્ચે જે અનૌપચારિક સ્વરૂપે લાંબા દોરે વાતો ચાલતી તેને એ જ સ્વરૂપે લેખકે અહીં રજૂ કરી છે. તેથી સાહિત્યિક વિવેચનની પરિભાષામાં વિચારતા વિવેચકને આ કથાઓમાં ક્યાંક ક્યાંક અનાવશ્યક અને વિષયાંતરમાં સરી પડતો પ્રસ્તાર જણાશે. એને એવી લાગણી થઈ આવશે કે લેખક આ પ્રસ્તારને ટાળીને આમાંની કેટલીક કૃતિઓને ટૂંકી-લાંબી વાર્તાનું સાહિત્યિક સ્વરૂપ આપી શક્યા હોત. પણ લેખકનો આશય તો પોતાના નાનપણમાં જે વતનને જીવ્યા તેનું આલેખન કરવાનો જ છે. તાપણાની આસપાસ શિયાળાની રાતોમાં અલકમલકની વાતો ચાલતી હોય, હાજર શ્રોતાઓમાંથી કોઈ ને કોઈ વચ્ચે

પ્રસ્તુત – અપ્રસ્તુત પ્રશ્નો પૂછતું હોય, તેના જવાબો અપાતા હોય અને એ રીતે વાતોનો દોર લંબાતો હોય. લેખકે એ શૈલીમાં અહીં તેનું પુનઃ કથન ('નૅરેશન') કર્યું છે.

આમ છતાં જિવાઈ ગયેલા ગુજરાતના એક પ્રદેશના ગ્રામીણ જીવનની આ કથાઓ ગુજરાતીમાં આપણને વિવિધ લેખકો દ્વારા જે ગ્રામીણ ચિત્રો અને જાનપદી નવલકથાઓ મળી છે તેનાથી જુદી પડે છે. આમાં ગુજરાતના ગ્રામીણ જીવનનું કોઈ બીબાંઢાળ (stereo type) વર્ણન નથી. અહીં જે પાત્રોની આસપાસ વાતોનો દોર ચાલ્યો છે એ બધાંનું વ્યક્તિત્વ અને તેઓ જે જીવન જીવ્યાં છે તે કોઈ ને કોઈ રીતે નિરાળાં છે. વળી જગરુંના રાવણામાં આવતાં – ઉલ્લેખાતાં બધાં જ પાત્રો 'ગ્રામીણ' પણ નથી.

તેમાં આ ગ્રામીણ વિસ્તારના રજપૂત રામસિંહ સાથે ઊંડા 'પ્લેટોનિક' પ્રેમમાં પડતી અંગ્રેજ બાઈની પ્રેમકહાની છે અને તેના વિલક્ષણ વ્યક્તિત્વનો પરિચય છે. લશ્કરમાંથી નિવૃત્ત થઈને આવેલા, અંગ્રેજ અફસરની દીકરીના પ્રેમમાં પડેલા, પણ તેની સાથે લગ્ન નહીં કરી શકેલા પ્રેમીના વ્યભિચારી કહી શકાય એવા જીવનનું નિરૂપણ છે. પણ આ 'મામાજી' પાસે અપરિણીત રહીને વ્યભિચારને પંથે વળવા માટેનો તત્ત્વદર્શી ખુલાસો છે. આ કથાઓમાં ઠાકોરોના કોઠાઓમાં વડારણો અને રામજણીઓ તરીકે જીવન ગુજારતી કમભાગી સ્ત્રીઓની કરુણ કથની છે. કેટલાંક પાત્રો 'શિક્ષિત' કહી શકાય એટલું શિક્ષણ પામેલાં છે અને એમનું વાચન વિશાળ છે. ગ્રામીણ કથાઓમાં આવતું ભગતનું પાત્ર અહીં સુલેમાનચાચાના રૂપમાં આવે છે, પરંતુ એ અભણ નથી, સુશિક્ષિત અને બહુશ્રુત હોવાની સાથે આત્મજ્ઞાની છે. અહીં પ્રેમની કથાઓ છે; પરંતુ ગ્રામીણ જીવનમાં જ્ઞાતિજન્ય નિષેધોમાંથી ઉદ્ભવતી કરુણતાના સ્થાને અહીં પરિસ્થિતિ અને પાત્રની વિલક્ષણતામાંથી ઉદ્ભવતી કરુણતા વિશેષ છે.

લેખકનો ઉદ્દેશ અહીં કેવળ અતીતરાગથી પ્રેરાઈને તેનાં સ્મરણો વાગોળવાનો નથી. લેખકે પ્રસ્તાવના રૂપે નોંધ્યું છે તેમ, ''એ રાવણામાં અમારા લોકના રાની અબળખાઓ, લોહીના છંદપ્રતિછંદો, પ્રાણના તડફડતા આવેગો, હૃદયમનના ઉદ્વેગો, સંતાપોના પ્રસંગો અને ઘટનાઓની વાતોના લાંબા દોરે અમારી રાતો ભાંગતી રહી હતી, શિશિરની ઠંડી રાતો. 'જગરું'માં એને પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન છે. 'જગરું' જગરુંએ ગુજરેલી રાતોની રાતનું અભિનવ અસ્તિત્વ છે ? મારી ચેતનાના રસાયણમાં ઉદય પામેલું એક ન્યૂ એગ્ઝિસ્ટન્સ છે ?''

લેખકને થયેલો આ પ્રશ્ન પુનઃકથન રૂપે કહેવાયેલી આ કથાઓના સ્વરૂપને સમજવાની દિશા ચીંધે છે. 'જગરું'ના વાચકે એ યાદ રાખવાનું છે કે દાયકાઓ પૂર્વે લેખકે જે વાતો સાંભળી હતી તેનું આ પુનઃકથન છે. વીતેલા દસકાઓમાં લેખકે તેમનાં વાચન-મનન દ્વારા અને જીવનના અનુભવો દ્વારા જે સમજ કેળવી છે તેનતા પ્રકાશમાં જગરુંના રાવણામાં સાંભળેલી વાતોનું, ઘટનાઓનું અર્થઘટન કર્યું છે. અથવા એમ પણ કહી શકાય કે વર્ષો પછી એ બધી ઘટનાઓનું તેમણે જે અર્થઘટન કર્યું છે તેના પ્રકાશમાં જ તેમણે એ ઘટનાઓનું પુનઃ કથન કર્યું છે. આ પુનઃ કથન આપણી કથાપરંપરાની નજીક રહે છે. રામાયણ કે મહાભારતની કથા કરતો કથાકાર મૂળ કથાના નાનામોટા પ્રસંગોને યથાતથ જાળવી રાખે છે, પણ તેમનું અર્થઘટન પોતાની રીતે કરે છે. પાત્રોની વાતોને શ્રોતાઓ સુધી પહોંચાડવા માટે જરૂર જણાય ત્યાં પોતાની ભાષામાં મૂકે છે 'જગરું'માં લેખક એ અભિગમને અનુસર્યા છે. લેખકે જેને 'અભિનવ અસ્તિત્વ' કે 'ન્યૂ એગ્ઝિસ્ટન્સ' કહ્યું છે તેને આ પરિપ્રેક્ષ્યમાં જોવાનું છે.

પણ 'જગરું'નો ઉદ્દેશ કથારસ પીરસીને કેવળ વાચકનું મનોરંજન કરવાનો નથી. 'જગરું'ના માધ્યમથી લેખકે માનવજીવનને અને તેના વિવિધ આયામોને સમજવાનો પ્રયાસ કર્યો છે. જગરુંની બહાર લખાયેલા પ્રકરણ 'ઘર મોઢાના પહાડી વગડે'માં લેખકની જીવનને સમજવાની મથામણ જોઈ શકાય છે :

''સાગરનાં ઊછળી ઊછળીને તટને સ્પર્શવા મથતાં મોજાંને તટે અથડાઈને ફીણ ફીણ થઈ જતાં જોઉં છું ત્યારે એ અર્થશૂન્ય ગતિનું, મારી હાજરી-ગેરહાજરીમાં અહર્નિશ ચાલ્યા કરતી એ ઉદ્દેશહીન પ્રવૃત્તિનું ભાન મારા ચિત્તને ગમગીન કરી મૂકે છે. તો તટથી પ્રલંબાઈને આસમાનની સરહદેથી અહનદમાં સરી જતો સાગરનો પ્રલંબ વિસ્તાર મારા ચિત્તમાં, એક પ્રકારનો ગેબી સૂનકાર બનીને વ્યાપી વળે છે.''

''તટ પર ફીણ ફીણ થઈને, વળી વળીને ફીણ ફીણ થઈને નિરર્થક ઘૂઘવાયા કરતા સાગરના ગેબી સૂનકારમાં મને રહી રહીને માણસની જિંદગીની – સંસારની અર્થશૂન્ય, આશયશૂન્ય ગતિનો અહેસાસ થયા કરે છે. એક વ્યર્થ ગતિનો તીવ્ર અહેસાસ.''

પણ ખરેખર શું માણસની જિંદગીની – સંસારની ગતિ અર્થશૂન્ય, આશયશૂન્ય, વ્યર્થ છે ? જો લેખકને એવી પ્રતીતિ થઈ જ ગઈ હોય તો જિવાઈ ગયેલા જીવનની કથા માંડીને તેઓ કેમ બેઠા છે ? વાત એમ છે કે પ્રકૃતિના જ એક અંગરૂપ માનવીઓની લીલાને અવલોકીને તેમાં, જો હોય તો, અર્થ શોધવાનો પ્રયાસ લેખકે આ પુનઃકથનમાં કર્યો છે. સાવ અર્થશૂન્ય જણાતા જીવનમાં માનવી શામાં જીવનની સાર્થકતા અનુભવે છે ? શાના માટે જીવે છે ? માનવીના જીવનનો નકશો કોણ આલેખે છે ? આવા આવા પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયાસ લેખકે અહીં કર્યો છે. અહીં બધે જ પ્રશ્નોના ઉત્તર મળ્યા નથી, પણ ક્યાંક મળ્યા પણ છે.

જ્યાં જીવનને સ્પર્શતા પ્રશ્નોના ઉત્તર નથી જ મળ્યા એનાં એકબે ઉદાહરણ નોંધીએ.

''રાજુ, તખત તો વતનમાં સદંતર ભુલાઈ ગયાં છે. જાણે એમની હયાતી જ ન હતી. પરંતુ, મારા ચિત્તમાં એ બધાં જીવી ઊઠે છે, અવારનવાર : ક્યાંના રાજુ, તખત અને માસ્તર ? સમયના એક એકમ પર એકબીજાથી બિલકુલ અલગ. એકબીજાના અસ્તિત્વથી પણ મુદ્દલ અણજાણ. સમયના એક બિંદુએ એ બધાં મળી ગયાં. ચલાય એટલું સાથે ચાલ્યાં અને વિખૂટાં પડી ગયાં. વજ્ર જેવી આપત્તિ અને સંતાપ ખમતાં. બધું દટાઈ ગયું એમની સાથે સમયની કબરમાં.'' (પ્રકરણ ૧૦)

અહીં લેખકની મૂંઝવણ સમજી શકાય એવી છે : બધું જ જો ક્યારેક સમયની કબરમાં દટાઈ જ જવાનું હોય, ભુલાઈ જ જવાનું હોય તો જે કંઈ ઘટે છે તેનો કોઈ અર્થ છે ખરો ? સમયના એક બિંદુએ એકમેકથી સાવ અજાણી વ્યક્તિઓ સમયના બીજા બિંદુએ મળી જાય છે; સાથે થોડું જીવી લે છે અને વિખૂટી પડી જાય છે. આ કોઈ યાદચ્છ(at random)પણે બનતી ઘટનાઓ હોય છે કે એમની પાછળ કોઈ ડિઝાઇન, કોઈ નકશો હોય છે ?

માનવીના જીવનમાં બનતી ઘટનાઓનો નકશો કોણ દોરે છે ? આ પ્રશ્ન લેખકને, તેના જીવનમાં બનતી અન્યાય અને શોષણની ઘટનાઓને સહી લઈને પણ કારમી ગરીબીમાં પણ પત્નીના સહારે જીવન જીવવાની હામ ધરાવતો શ્યામજી, જ્યારે પત્નીની બેવફાઈથી આપઘાત કરી લે છે ત્યારે થાય છે : ''અમારાં તરુણ ચિત્ત છળી ઊઠ્યાં. સમયના પટ પર એના જીવનનો નકશો અમારી કાચી આંખ સામે દોરાયો અને આજે ભૂંસાઈ ગયો. અમારી આંખ સામે –

અમારા ગામમાંથી.''

''– પરંતુ આજેય એ નકશો મારા મનની ભોંય પર દોરાયેલો ટકી રહ્યો છે અને ....અવારનવાર મને રહી રહીને પ્રશ્ન થયા કરે છે કે માણસની જિંદગીનો નકશો કોણ દોરે ? પોતે ? કે નકશો પહેલેથી જ તૈયાર હોય ?''

'જગરું'માં એવાં બીજાં કેટલાંક પાત્રો મળી આવે છે, જેમને આવા તૈયાર મળી જતા નકશામાં પણ તેમના જીવનની સાર્થકતા શામાં રહેલી છે એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો છે. ગામમાં રામલીલા ભજવવા આવતા ગિરધરલાલ 'રંગદેવતાને ચરણે આયખું વિતાવી દેવાની' નેમ રાખીને જીવી રહ્યા છે. એમાં જ એમને પોતાના જીવનની સાર્થકતા દેખાય છે. બ્રિટિશ શાસનના સનદી અધિકારીના ઑર્ડર્લિ તરીકે સેવા આપતા રામસિંહ અને એ ગોરા અધિકારીની પત્ની વચ્ચે ગાઢ પ્રીતિ બંધાઈ છે, પણ એ માણસ તેના પ્રેમને ત્યાગના સ્વરૂપે જ જુએ છે અને એ બે પ્રત્યેની આજીવન વફાદારીમાં પોતાના જીવનની સાર્થકતા અનુભવે છે. (પ્રકરણ ૯) ઠકરાત ભોગવતા દા'ઉજી નિરાધારને આશ્રય આપવામાં અને તરછોડાયેલાઓને સહારો અને હૂંફ આપવામાં જીવનની સાર્થકતા અનુભવે છે. 'જગરું'માં ક્યાંય એમનું સીધું નિરૂપણ નથી છતાં વિવિધ પ્રકરણોમાં આવતા તેમના ઉલ્લેખોમાંથી અને પ્રસંગોપાત્ત થોડું જ બોલતા દા'ઉજીનું પ્રેમાળ, હમદર્દ અને પ્રભાવક છતાં પ્રસન્નકર વ્યક્તિત્વ ઊપસી આવે છે.

આમ નિર્રથક જણાતી પ્રકૃતિની લીલા અને તેના ભાગરૂપ માનવીના સંસારની અસારતામાં માનવી પોતે જે પરિસ્થિતિમાં મુકાય છે તેમાં પોતાના જીવનનો સાર, આપણી ભાષામાં 'ધર્મ' શોધી શકે એવું આશ્વાસન 'જગરું'નાં કેટલાંક પાત્રોનાં જીવનમાંથી સાંપડે છે. અલબત્ત, અહીં સુલેમાન છે, જેમને જીવનને, અલ્લાહને અને ધર્મગ્રંથોને સ્પર્શતા બધા પ્રશ્નોના ઉત્તર મળી ગયા છે, પરંતુ એ તો એક વિરલ વ્યક્તિ છે.

ઉપર નોંધ્યું છે તેમ, લેખકે 'જગરું'ના લેખનની શૈલીને આપણી કથાપરંપરાની નજીક રાખી છે. કથાકારની સફળતા તેના શ્રોતાઓને જકડી રાખતી તેની વક્તવ્યશૈલીમાં છે. અહીં લેખકનું ગદ્ય વાચકને જકડી રાખવાનું સામર્થ્ય ધરાવે છે. પ્રકરણ ૫ આમ તો ભૂવા, ભૂત, ભૈરવનાથની આજના વાચકને ગળે ન ઊતરે એવી વાતોની આસપાસ ચાલે છે, પણ તેમાં ભૂવાની કામગીરી બજાવતા ભગત દ્વારા થતી વિધિઓનું જે શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે તે વાંચતો વાચક એ દશ્યો એની નજર સામે ભજવાઈ રહ્યાનો અને એ અવાજો કાને પડી રહ્યાનો ભાવ અનુભવ્યા વિના રહી શકે તેમ નથી.

બીજી બાજુ, રાજુ અને તખત વચ્ચેના પ્રગાઢ પ્રેમને તેઓ ખૂબ ઓછા શબ્દોમાં પણ પૂરી વેધકતાથી વ્યક્ત કરી શક્યા છે. રાજુના ભેદી મૃત્યુ પછી તખતસિંહ જે જીવન જીવ્યો છે તેનું આ વર્ણન જુઓ :

''.... તખત જીવ્યા કરતો. આસપાસની દુનિયાનું જાણે ભાન ગુમાવી બેઠો હોય તેમ જીવ્યા કરતો. બિલકુલ જીવતો લીલોછમ માણસ અંદરથી જ આખો ને આખો સુકાતો ગયો, ઘટાદાર ઝાડ સૂકું થતું જાય એમ.''

''અને થોડાં વર્ષો પહેલાં ભર ચોમાસામાં એનું રહ્યુંસહ્યું લીલું મૂળ પણ સદંતર સુકાઈને મટી ગયું.''

''અમારા દદુએ કહેલું : 'ચાર ખાંધ પર ચઢીને તખતની અર્થી નીકળી. ત્યારે ડાઘુઓની સાથમાં એની પાછળ ચાલતા મારા મનમાં રહીરહીને ઊપસ્યા કરતું કે વર્ષો પહેલાં મૃત્યુ પામેલા, રાજુના મોત સાથે જ મરી ગયેલા, માણસની સ્મશાનયાત્રામાં હું ચાલી રહ્યો હતો.'''

પણ લેખકના આગવા ગણી શકાય એવા ગદ્યનું વિવેચન મારે અહીં નથી કરવું. એ મારે માટે અધિકાર પણ નથી. એ કાર્ય અધિકારી વિવેચકો પર છોડું છું. પણ લેખકના ગદ્યના થોડા નમૂના વિવિધ સંદર્ભમાં અહીં અલપઝલપ આપ્યા છે એના આધારે શલાકાન્યાયે વાચકને લેખકની ગદ્યશક્તિનો અંદાજ આવી જશે.